


# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૪૨ | ૨૩ એપ્રિલ, ૨૦૧૬, શનિવાર ; ચૈત્ર વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- ત્ર્મ્બોકેશ્વર મંદિરમાં આખરે મહિલાઓ દ્વારા પૂજા અર્ચના
- ટોપ એફડીઆઈ સ્થળ તરીકે ચીનને ભારતે પછડાટ આપી
- અરૂણાચલમાં ભારે વરસાદ બાદ ભેખડો પડી : ૧૬ મોત
- વિજય માલ્યાને સ્વદેશ પરત લાવવા સરકાર પૂર્ણ કટિબદ્ધ
- પાકિસ્તાન સાથે મંત્રણા બંધ કરાઈ નથી : સરકાર
- ભીષણ અથડામણમાં ત્રણ ખુંખાર આતંકવાદી ફુંકાયા
- ગુજરાત લાયન્સ પોઇન્ટ ટેબલમાં બીજા ક્રમ પર
- એક કરોડ લોકો એલપીજી સબસિડીને છોડી ચુક્યા છે
- આસારામ અનો નારાયણ સાંઇ પર ૭૫૦ કરોડનો દંડ લદાયો

# રાષ્ટ્રપતિ શાસન હટાવવાના ચુકાદા સામે સુપ્રીમની મનાઈ

### ૨૭મી એપ્રિલ સુધી રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરવાનો આદેશ : નૈનીતાલ હાઈકોર્ટના ચુકાદાને પડકાર ફેંકી કેન્દ્ર સરકાર દ્વારા દાખલ કરાયેલી અરજી ઉપર સુપ્રીમ કોર્ટનો ચુકાદો : રાવતની પાસે કોઇ જ સત્તા રહેશે નહીં

નવી દિલ્હી, તા. ૨૧

ઉત્તરાખંડમાં રાષ્ટ્રપતિ શાસનને દૂર કરવાના હાઈકોર્ટના ચુકાદા પર સુપ્રીમ કોર્ટે આજે સ્ટે મુકી દીધો હતો. આ મામલામાં વધુ સુનાવણી ૨૭મી એપ્રિલના દિવસે હાથ ધરવામાં આવશે. સુપ્રીમ કોર્ટે આજે નૈનીતાલ હાઈકોર્ટના ચુકાદા પર સ્ટે મુકી દીધો હતો. ૨૬મી એપ્રિલ સુધી નૈનીતાલ હાઈકોર્ટના ચુકાદાની નકલ સુપ્રીમ કોર્ટમાં જશે. ત્યારબાદ આગામી નિર્ણય લેવામાં આવશે. ઉત્તરાખંડમાં સત્તારુઢ કોંગ્રેસના ધારાસભ્યો દ્વારા બળવો કર્યા બાદ રાજકીય સંકટની સ્થિતિ ઉભી થઈ ગઈ હતી. ત્યારબાદ રાજ્યપાલ કેકે પોલની ભલામણ બાદ ૨૭મી માર્ચના દિવસે રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરવાનો નિર્ણય કરાયો હતો. આ અગાઉ કેન્દ્ર સરકારે ઉત્તરાખંડમાં રાષ્ટ્રપતિ શાસનને દૂર કરવાના ઉત્તરાખંડ હાઈકોર્ટના નિર્ણયને પડકાર ફેંકીને સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. મુકુલ રસ્તોગીએ ન્યાયમૂર્તિ દિપક મિશ્રા અને ન્યાયમૂર્તિ શિવકિર્તી સિંહની બેંચ સમક્ષ અરજીનો ઉલ્લેખ કર્યો હતો. અગાઉ ગઈકાલે ઉત્તરાખંડ હાઈકોર્ટે કેન્દ્ર સરકારને મોટો ફટકો આપીને રાજ્યમાંથી રાષ્ટ્રપતિ શાસન દૂર કરી દીધું હતું.

રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસનને દૂર કરવામાં આવ્યા બાદ ૨૯મી એપ્રિલના દિવસે વિધાનસભાના ફ્લોરટેસ્ટ કરવાનો આદેશ કર્યો હતો. મુખ્ય ન્યાયાધીશ કેએન જોસેફના નેતૃત્વમાં હાઈકોર્ટની ખંડપીઠે કહ્યું હતું કે, રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરવાની બાબત સુપ્રીમ કોર્ટ દ્વારા નિર્ધારિત કાયદાની વિરુદ્ધમાં છે. ગઈકાલે હાઈકોર્ટ દ્વારા રાષ્ટ્રપતિ શાસનની જાહેરાતને પડકાર ફેંકતી મુખ્યમંત્રી હરિશ રાવતની અરજીને સ્વીકારી લેવામાં આવી હતી. ખંડપીઠે કહ્યું હતું કે, રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરવા માટે જે તથ્યો ઉપર વિચારણા કરવામાં આવી હતી તેનો કોઈ આધાર નથી. ખંડપીઠમાં ન્યાયમૂર્તિ વીકે બિસ્ટ પણ હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યપાલની ભલામણ બાદ ૨૭મી માર્ચના દિવસે રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરવામાં આવ્યું હતું. ઉત્તરાખંડમાં ૧૮મી માર્ચના દિવસે રાજકીય સંકટની શરૂઆત થઈ હતી. વર્તમાન મામલામાં જે ૧૮મી માર્ચના દિવસે ઘટનાક્રમનો દોર શરૂ થયો હતો તેને ધ્યાનમાં લઈને કેટલીક બાબતો નક્કી કરવામાં આવી છે. કલમ ૩૫૬ હેઠળ ૨૭મી માર્ચના દિવસે રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરી દેવામાં આવ્યું હતું. આને લઈને વિરોધ પ્રદર્શનની

● અનુસંધાન પાન-૭ પર

# ઉજ્જૈન મહાકુંભમાં પ્રથમ શાહી સ્નાનમાં લાખો શ્રદ્ધાળુ ઉમટ્યા

### ૧૩થી વધુ અખાડાના સાધુ સંત જોડાયા : સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે ધાર્મિક અને પૌરાણિક મહત્વ ધરાવતી ઉજ્જૈન નગરીમાં બ્રહ્મ મુર્હુતમાં લાખો નાગા સાધુ સંતો સૌથી પહેલા શાહી સ્નાનમાં જોડાયા



ઉજ્જૈન,તા. ૨૨

જેની ઉત્સુકતાપૂર્વક લાખો શ્રદ્ધાળુઓ રાહ જોઈ રહ્યા હતા તે સિંહસ્થ કુંભ મેળો આજે સવારે ભારે ધાર્મિક માહોલમાં શરૂ થયો હતો. મધ્યપ્રદેશની ધાર્મનિક અને પૌરાણિક મહત્વ ધરાવતી નગરી ઉજ્જૈનમાં આજે આની શરૂઆત થઈ હતી. સવારમાં સારા મુહુર્તમાં લાખો નાગા સાધુ સંતોએ પ્રથમ શાહી સ્નાન કર્યુ હતુ. ઉજ્જૈનમાં આની છેલ્લા કેટલાક મહિનાથી તૈયારી ચાલી રહી હતી. કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તમામ પગલા લેવામાં આવ્યા છે. દર ૧૨ વર્ષના અંતરાલમાં આયોજિત થનાર સિંહસ્થ કુંભ મેળાની શાનદાર શરૂઆત થઈ ગઈ છે. લાખો કરોડો લોકો આમાં પહોંચે તેવી શક્યતા છે. ક્ષિપ્રા નદીના કિમારે મહાકાલની નગરી ઉજ્જૈનમાં સવારે પાંચ વાગ્યાથી દત્ત અખાડા ક્ષેત્રમાં

● અનુસંધાન પાન-૭ પર




# નવજોત સિદ્ધુ, સુબ્રમણ્યમ સ્વામી, સ્વપ્રદાસ ગુપ્તા અને મેરી કોમ રાજસભામાં

નવી દિલ્હી,તા. ૨૨

ભાજપે નોમિનેટેડ કેટેગરીમાં રાજ્યસભાની ખાલી જગ્યાઓ ભરવાનો હવે નિર્ણય કર્યો છે. આ ખાલી જગ્યાઓને સોમવારથી શરૂ થતા બજેટ સત્રના બીજા તબક્કા પહેલા ભરવામાં આવે તેવી શક્યતા છે. ઉચ્ચસ્તરીય સુત્રોએ કહ્યુ છે કે સરકારે ભાજપના સભ્યોની ટુંકી અને અંતિમ યાદી તૈયાર કરી લીધી છે. ભાજપ દ્વારા જે યાદી તૈયાર કરવામાં આવી છે તેમાં ગાંધી પરિવારના તીવ્ર વિરોધી સુબ્રમણ્યમ સ્વામી, મલયાલમ અભિનેતા સુરેશ ગોપી, પત્રકાર સ્વપન દાસ ગુપ્તા, ઓલિમ્પિકમાં ચન્દ્રક જીતી ચુકેલી મેરી કોમ, અર્થશાસ્ત્રી નરેન્દ્ર જાધવ

● અનુસંધાન પાન-૭ પર










